# પ્રકરણ : ૧

# વર્ષા અડાલજા : સર્જક પરિચય

# પ્રકરણ : ૧

# વર્ષા અડાલજા : સર્જક પરિચય

૧.૧ પ્રાસ્તાવિક

૧.૨ જન્મ

૧.3 પિતાના વ્યક્તિત્વનો પ્રભાવ

૧.૪ બાળપણ

૧.૫ માતાના સંસ્કારોની અસર

૧.૬ ભાઈ-બહેનોનો સ્નેહ

૧.૭ નાટકમાં રસરુચિ અને તખ્તાની ભજવણીમાં સક્રિય ભાગ

૧.૮ અભ્યાસ

૧.૯ પત્રકારત્વ ક્ષેત્રમાં પ્રવેશ અને નોકરી

૧.૧૦ પતિનો સથવારો

૧.૧૧ સાહિત્યસર્જન તરફ આગેકૂચ

૧.૧૨ ઇનામો અને ઍવોર્ડ્સ

૧.૧3 સાહિત્યસર્જન

૧.૧3.૧ નવલકથાઓ

૧.૧3.૨ નવલિકાસંગ્રહો

૧.૧3.3 નાટ્યસંગ્રહો

૧.૧3.૪ નિબંધસંગ્રહો

૧.૧3.૫ પ્રવાસવર્ણન

૧.૧૩.૬ સંપાદન

૧.૧૩.૭ અનુવાદ

## ૧.૧ પ્રાસ્તાવિક

અર્વાચીન ગુજરાતી સ્ત્રીસાહિત્યકારોમાં વર્ષા અડાલજાની ગણના અગ્રિમ હરોળમાં થાય છે. તેમના સાહિત્યની વિશેષતા છે કે તે લાગણીસભર અને વાસ્તવદર્શી છે. ભાવક સુધી પ્રત્યાયન કરવામાં સહજ અને સ્વાભાવિક છે. સાહિત્ય થકી તેમણે સમાજ પ્રત્યેનું ઉત્તરદાયિત્વ નિભાવ્યું છે. વર્ષા અડાલજા સામાજિક-રાષ્ટ્રીય પરિસ્થિતિ અને ઘટનાઓની કલાત્મક ગૂંથણી કરીને કથાનું નિર્માણ કરે છે. પરિવર્તનશીલ સમાજ માટે આ સાહિત્ય ઉપકારક છે.

ગુજરાતી સાહિત્યકાર તરીકે તેઓ પોતાને વિશાળ હૃદયની પ્રજા કહીને ઓળખાવે છે. તેમના મતે અન્ય ભાષાઓમાંથી ઘણું સાહિત્ય આપણી ભાષામાં અનુવાદિત થાય છે. એ માટે શક્તિ, સમય અને ધન ખર્ચાય છે. પરંતુ, અન્ય ભાષાઓના ઉત્તમ સાહિત્યની જોટે ઊભું રહી શકે એટલું સક્ષમ હોવા છતાં આપણું સાહિત્ય ગુજરાતી સિવાયની અન્ય ભાષાઓમાં રજૂઆત પામતું નથી. "આજે સાહિત્યને પ્રજા પાસે પહોંચવાનાં, બહુરૂપીની જેમ નવાં નવાં સ્વરૂપે પ્રગટ થવાના અનેક રસ્તાઓ ખૂલતા જાય છે, દેશ પરદેશ સુધી સાહિત્ય અને સર્જક અનુવાદના સેતુ વડે પહોંચી શકે એવી આબોહવા બદલાઈ રહી છે ત્યારે, આપણું સાહિત્ય ગુજરાતના કાંઠેથી ચડતા પૂરની જેમ છલકાઈને ચારેતરફ વહેવા લાગે એવું સ્વપ્ન એક ગુજરાતી તરીકે હું જોઉં છું."[i] આ ઉક્તિથી તેમનું ગુજરાતી હોવાનું ગૌરવ અનુભવી શકાય છે.

## ૧.૨ જન્મ

વર્ષાબહેનનો જન્મ પ્રસિદ્ધ લેખક અને 'દરિયાલાલ' તરીકે જાણીતા ગુણવંતરાય આચાર્યના પરિવારમાં થયો હતો. તેમનો જન્મદિવસ તા.૧૦/૪/૧૯૪૦ છે. તે મુંબઈના માટુંગા વિસ્તારમાં ભૂતાનિવાસમાં જન્મ્યાં હતાં.

## ૧.૩ પિતાના વ્યક્તિત્વનો પ્રભાવ

ગુણવંતરાય આચાર્ય ૧૬૯ પુસ્તકોના રચયિતા છે. તે લેખક, પત્રકાર અને સંપાદક છે. માત્ર ૧૬ જ વર્ષની ઉંમરે તેમણે વતન જામનગર છોડી દીધું. અમુક સમય રાજકોટમાં રહ્યા બાદ મુંબઈને કર્મભૂમિ બનાવી. પિતાની સર્જકતા અને નીડર વ્યક્તિત્વ વર્ષાબેને સાંગોપાંગ ઝીલ્યાં છે. જીવનના પડકારોનો સામનો કરવાની ક્ષમતા તેમને પિતા પાસેથી વારસામાં મળી છે.

'દરિયાલાલ' ગુણવંતરાય આચાર્યની જાણીતી નવલકથા છે. તેમાં તેમણે દક્ષિણ આફ્રિકાના વતની ગુજરાતીઓની સાહસિકતા, દિલેરી અને ઝિંદાદિલીનાં દર્શન કરાવ્યાં છે. ગુજરાતને ઇતિહાસનાં પૃષ્ઠ પર જીવંત રાખવા માટેની જહેમત તેમણે લીધી છે. તેમની સાગરકથાઓ ગુજરાતી સાહિત્યને મળેલ અણમોલ ભેટ છે. ભારતીય બંધારણની ૨૪ ભાષાઓમાં એક પણ લેખકે આ વિષય પર વાર્તા લખી નથી. તેઓ કહેતા: "ગુજરાતીઓ દાળભાત ખાઉં પોચટ પ્રજા છે એ આરોપ ટાળવા હું સતત લડ્યો છું. મારી નવલકથામાં ગુજરાતની પ્રજાનું શૌર્ય અને ખમીર મારે આલેખવું છે."[ii]

ગુણવંતરાય સ્વાતંત્ર્ય સંગ્રામના સાહસિક લડવૈયા તરીકે કાર્ય કરતા. વર્ષાબહેન બાળપણથી જ ઘરની અંદર સ્વાતંત્ર્ય માટેની બેઠકો અને તે માટેની યોજનાઓ જોતાં. આ કારણે ખુમારી અને દેશભક્તિના સંસ્કાર પણ તેમણે નાની વયે મેળવ્યાં છે. વર્ષાબહેન માટે નિ:શંક કહેવાય કે 'મોરનાં ઈંડાં ચીતરવા ન પડે.' ઇલા આરબ મહેતા અને વર્ષાબહેન બન્નેએ

સર્જક જનકનો વારસો આગળ ધપાવ્યો છે. ચાર ભાઈ-ભાંડુમાં સૌથી નાનાં વર્ષાબહેને સાહિત્ય અને પત્રકારત્વ બન્ને ક્ષેત્રે સફળતા પ્રાપ્ત કરી છે. પિતા અને પુત્રી બન્નેને રણજિતરામ સુવર્ણ ચંદ્રક મળ્યો હોય તેવું કોઈ ભાષામાં હજી સુધી બન્યું નથી, જે આ પરિવારમાં શક્ય થયું છે.

ગુણવંતરાય માનતા કે સ્ત્રીઓ માત્ર ઘરના કામકાજમાં ગોંધાયેલી રહે તો તેમનો વિકાસ રૂંધાઈ જાય. આથી તેમણે ત્રણેય દીકરીઓને સંપૂર્ણ છૂટછાટ આપી હતી. શાળામાં નાટકમાં કોઈ છોકરી ભાગ ન લેતી. વર્ષાબહેન આ માટે તૈયાર થઈ જતાં. આ વાતની તેમની બહેનપણીઓના પરિવારને નવાઈ લાગતી.

પિતા-પુત્રી વચ્ચે સ્નેહની ગાંઠ ખૂબ મજબૂત હતી. 'પૂર્ણિમા' નાટકની ભજવણી સમયે રાજેશ્વરીના પાત્રમાં એકાકાર બની ગયેલાં વર્ષાબહેનને ચોકીદાર જોરથી ચાબુક મારે છે, તે દૃશ્ય જોઈને પ્રેક્ષકગણમાં બેઠેલા ગુણવંતરાય બેભાન થઈ ગયા હતા. વર્ષાબહેન ગ્રીનરૂમમાંથી આવીને પિતાના કાનમાં બોલ્યા ત્યારે ભાનમાં આવેલ. વર્ષાબહેન પિતાનાં ખૂબ લાડકાં હતાં. પિતા તેમને ક્યારેક લાડમાં 'વસુ' સંબોધન પણ કરતા.

## ૧.૪ બાળપણ

વર્ષાબહેને બાળપણથી જ પિતાને લખતા જોયા હતા. ઘરમાં લેખન અને વાંચનનું વાતાવરણ હતું. પરિવારના સભ્યો જ એકબીજાના મિત્રો હતા. પુસ્તકો સાથેનો સદાનો હૂંફાળો સંબંધ હતો. અચાનક ઘરે આવી ગયેલ કોઈ વ્યક્તિ તો ઘરને લાયબ્રેરી જ સમજી બેસે એવું ઘરનું વાતાવરણ રહેતું. તેમના જ શબ્દોમાં કહીએ, "પપ્પાની રાતદિવસની લેખનપ્રવૃત્તિએ અમને વિદ્યાની અણમોલ મૂડી આપી છે."[iii]

તેમનાં માતા-પિતાની જોડી એ સમયના રૂઢિચુસ્ત સમાજમાં આધુનિક કહી શકાય તેવી હતી. માતાનો હાર્મોનિયમ શીખવાનો શોખ પૂરો કરવા માટે પિતાએ ઘરે શિક્ષક

બોલાવેલા. ઘરમાં ગ્રામોફોન પણ હતું. આથી તેમની સવાર જ્યુથિકા રે, સૈગલ, જગમોહન, પંકજ મલિકની રેકોર્ડથી જ પડતી.

ગુણવંતરાય ક્રાંતિકારી વિચારક હતા. રાણપુરામાં 'ફૂલછાબ'માં કામ કરતા તે સમયે સ્વાતંત્ર્ય સંગ્રામ વિશેના સમાચારો મેળવવા સંતાતા ફરતા. ઘણીવાર ભૂગર્ભમાં ઊતરી જતા. દાંડીકૂચ વખતે આખું તંત્રીમંડળ જેલમાં ગયું. પ્રેસ પર બ્રિટિશરોએ તાળા માર્યાં. તે સમયે તેઓ બહાર ચોગાનમાં બેસીને લખતા અને તેમનાં પત્ની સામૂહિક રસોડું ચલાવતાં.

સરદાર ચંદુલાલના આગ્રહથી રણજીત મૂવીટોનમાં વાર્તાલેખક તરીકે કાર્ય કર્યું. પૃથ્વીરાજ કપૂર તેમના ખાસ મિત્ર હતા. ફિલ્મોની પટકથાઓની સાથે નાટકો પણ લખતા. 'ગુજરાત સમાચાર', 'મુંબઈ સમાચાર' અને 'બોમ્બે ક્રોનિકલ'માં કામ કર્યું છે. તે સમયે જામનગરના મહારાજાએ સ્ટેટના પ્રિન્ટિંગ અને 'ચરકસંહિતા' ગ્રંથનું મુદ્રણ સોંપ્યું. આ કામ ત્રણ ચાર વર્ષ ચાલ્યું. ગુણવંતરાયે આયુર્વેદિક મુદ્રણાલય અને પત્નીના નામે નીલા પ્રિન્ટિંગ પ્રેસ શરૂ કર્યું હતું.

## ૧.૫ માતાના સંસ્કારોની અસર

માતા નીલાબહેન કુશળ ગૃહિણી અને આદર્શ ભારતીય નારી હતાં. તેમની પાસેથી વર્ષાબહેનને સરળ, સાદગીપૂર્ણ અને ધાર્મિક સ્વભાવ પ્રાપ્ત થયો છે. મિલનસારિતા અને નિરહંકારી સ્વભાવની સ્વામિની હોવાનો શ્રેય તેમની માતાને ફાળે જાય છે. એક સમયે ગુણવંતરાય ગંભીર રીતે બીમાર પડ્યા. નીલાબહેને ચાર બાળકોની અને ઘરની બેવડી જવાબદારી સાથે સંભાળીને તેમની સેવાચાકરી કરી. માતા-પિતાનું સફળ અને પ્રસન્ન દામ્પત્ય તેઓ માટે આદર્શરૂપ બની રહ્યું.

પિતાના અવસાન પછી પણ નીલાબહેન એકલા ખુમારીપૂર્વક જીવન જીવ્યાં. સેવા-ભક્તિમાં તેમનો શેષકાળ પૂર્ણ કર્યો. માતાની સહનશક્તિ અને જીવનને સંઘર્ષની જેમ લડી લેવાની વૃત્તિનો પણ તેમનામાં અણસાર જોવા મળે છે.

વર્ષાબહેનને રંગભૂમિનો પ્રથમ પાઠ માતાએ ભણાવ્યો હતો. ફક્ત ચાર વર્ષની ઉંમરે તેમનો રંગમંચ પર પ્રવેશ કરાવ્યો હતો. નીલાબહેને મહિલા મંડળની રચનાત્મક પ્રવૃત્તિઓની સાથે સત્યાગ્રહનો સંદેશો આપતી નાની નાટિકાઓ શરૂ કરેલી. આ કાર્યમાં બહેન ઇલા માતાને મદદ કરતી. એ નાટિકાઓમાં વર્ષાબેન ભાગ લેતાં. માતાની સાથે ગરબા અને નૃત્યની વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેતાં. આમ, જન્મજાત કલાકાર વર્ષાબેનનાં સમગ્ર વ્યક્તિત્વ ઘડતરમાં માતા-પિતાનો અને બાળપણમાં મળેલા વાતાવરણનો સિંહફાળો છે.

## ૧.૬ ભાઈ-બહેનોનો સ્નેહ

પરિવારમાં મોટાભાઈ શિશિરભાઈ, બિંદુબહેન, ઇલાબહેન અને પોતે હતાં. શિશિરભાઈ ભણવામાં હોશિયાર હતા. તે ડૉક્ટર બને તેવી પરિવારની ઇચ્છા હતી. પરંતુ આર્થિક સંકટને કારણે તે શક્ય ન બન્યું. શિશિરભાઈએ અધવચ્ચે જ અભ્યાસ અટકાવી દઈને બેંકની નોકરી સ્વીકારી. તેમની નોકરીને કારણે જ પછી ત્રણ બહેનો અભ્યાસ પૂર્ણ કરી શકી.

પિતા અને ઇલાબહેનની સાહિત્યિક પ્રવૃત્તિથી આકર્ષાઈને વર્ષાબહેન પણ લેખનકાર્ય તરફ વળ્યાં અને ગુજરાતી સાહિત્યને એક નવીન દિશા તરફ દોરી ગયાં. આથી જ કહી શકાય કે તેમને પરિવારના વારસામાં આર્થિક કે સ્થાવર મિલકત નહીં, પણ સાહિત્યનો ભાગ મળ્યો છે.

## ૧.૭ નાટકમાં રસરુચિ અને તખ્તાની ભજવણીમાં સક્રિય ભાગ

ગુણવંતરાયનું નામ જાણીતી નાટ્યસંસ્થા ‘ઈપ્ટા’ના ઘડાવૈયાઓમાં હતું. અંગ્રેજો સામે જેહાદ જગાવતું ‘અલ્લાબેલી’ નાટક ભજવવા કલાકારો ગામડે ગામડે ફરતા. આ નાટકમાં

વર્ષાબહેને હિંદી સિનેમાના કલાકાર બલરાજ સહાની અને દીના ગાંધી સાથે કામ કર્યું હતું. રાજકીય મતમતાંતરોને કારણે ગુણવંતરાયે 'ઈપ્ટા'માંથી છૂટા પડીને 'રંગભૂમિ' નામની નવી નાટ્યસંસ્થા સ્થાપી. આ સંસ્થાનાં ઉપપ્રમુખ તરીકે તેઓ મૃત્યુપર્યંત રહ્યા હતા. ઘાટકોપરમાં 'રંગમંચ' નામની સંસ્થાની સ્થાપના કરી.

વર્ષાબહેન બાળપણથી આ સંસ્થાનાં નાટકોમાં ભાગ લેતાં. જ્યારે સ્ત્રીઓ નાટકમાં કામ નહોતી કરતી તે સમયે માતા-પિતાએ તેમને આ માટે પ્રોત્સાહન આપ્યું. તેમનું પ્રથમ ફૂલલેન્થ નાટક દામુ સાંગાણીનું 'જાગતા રેજો' રાજકોટ ખાતે ટી. બી.ના દર્દીઓના લાભાર્થે ભજવાયેલું. કોઈ સ્ત્રીપાત્ર નાટક માટે તૈયાર ન થયું ત્યારે ફક્ત અગિયાર વર્ષની નાદાન ઉંમરે કૉમેડીની હીરોઈન તરીકે તેમણે કામ કર્યું.

'રંગમંચ'નાં નાટકોમાં નાની ઉંમરે વૃદ્ધાનો અભિનય પણ કર્યો. આ સંસ્થાનાં ઘણાં નાટકોમાં વર્ષાબહેને મુખ્ય ભૂમિકા ભજવી હતી. દર્શકની 'ઝેર તો પીધાં છે જાણી જાણી'ની રોહિણીની પડકારજનક ભૂમિકા કરી. ર. વ. દેસાઈની 'પૂર્ણિમા' નવલકથા પરથી નાટક બન્યું હતું. તેમાં ફક્ત ૧૮ વર્ષની ઉંમરે રાજેશ્વરી નામની ગણિકાની ભૂમિકા ભજવી. બંગાળી નાટયકાર દ્વિજેંદ્રનાથ રોયનું ઝવેરચંદ મેઘાણીએ રૂપાંતરિત કરેલ નાટક 'શાહજહાં'માં ભૂમિકા ભજવી.

મુનશીની 'કાકાની શશી', 'મૃચ્છકટિક'ની 'વસંતસેના' કે 'વેવિશાળ'ની સુશીલા. દરેક પાત્રને ન્યાય આપીને તેઓ નાટ્યજગતમાં છવાઈ ગયાં. એ સિવાય 'કવિ દયારામ', 'અલ્લાબેલી', 'ચિરકુમાર સભા' વગેરેમાં મુખ્ય ભૂમિકા ભજવી. આલ્ફ્રેડ હિચકોકના 'ડાયલ એમ ફોર મર્ડર'માં તેમના અભિનયને ઇનામ પણ મળ્યું હતું. ટેનેસી વિલિયમના 'ગ્લાસ મેનેજરી'માં પણ મુખ્ય ભૂમિકા કરી. લૉર્ડ મેઘનાદે અનુવાદ કરેલ ઈબ્સનના 'ડોલ્સ હાઉસ'(ઢીંગલી ઘર)માં નોરાની મુખ્ય ભૂમિકા ભજવી. રોહિણી, નોરા, શામબાઈ અને સુશીલા જેવાં પાત્રોએ તેમના જીવન ઉપર અમીટ છાપ છોડી હતી.

યુવાન વયે તેમને નાટકોની વધુ સારી ઓફરો મળવા લાગી. તેમની ગણના એક સારી અભિનેત્રી તરીકે થવા લાગી. તેમણે કેટલાંય ક્લાસિક નાટકોમાં પણ કામ કર્યું. શાળા, કૉલેજમાં આંતરકૉલેજ સ્પર્ધાઓમાં અને રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં ઇનામો મેળવ્યાં. અમદાવાદ દૂરદર્શન પરથી 'જ્યોતિ' ધારાવાહિક પ્રસારિત થયું હતું. જેમાં ગુજરાતી ટૂંકી વાર્તાઓનું રૂપાંતર હતું. એનાં તમામ સંવાદો તથા પટકથા લેખનની જવાબદારી પણ તેમણે નિભાવી.

**૧.૮ અભ્યાસ**

વર્ષાબહેને ઈ.સ. ૧૯૬૦માં મુંબઈ યુનિવર્સિટીમાંથી ગુજરાતી અને સંસ્કૃત વિષય સાથે બી.એ. કર્યું. ઈ.સ. ૧૯૬૨માં સમાજશાસ્ત્ર સાથે એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી. કૉલેજમાં નાટકોમાં ભાગ લેવાનું અદમ્ય આકર્ષણ હોવાને કારણે જ ડિગ્રી લીધી હતી. એમ.એ. થયા પછી ઈ.સ. ૧૯૬૪ સુધી મુંબઈ ઑલ ઇન્ડિયા રેડિયો પર ગુજરાતીમાં પ્રવક્તા તરીકેની નોકરી કરી. દિલ્હીમાં નાટ્યક્રમના ડિગ્રી કોર્સમાં સમગ્ર ભારતમાંથી થોડા જ વિદ્યાર્થીઓની પસંદગી કરવામાં આવી હતી, જેમાં વર્ષાબેનનું પણ નામ હતું. પરંતુ, બ્રોન્કાઈટીસની બીમારીને કારણે જઈ શક્યા નહીં.

આ સમયગાળા દરમ્યાન મહેન્દ્રભાઈ અડાલજા સાથે પરિચય થયો. સ્નેહથી સંચિત થઈને ઈ.સ. ૧૯૬૫માં લગ્નગ્રંથિથી જોડાયા. તે સમયે જાણ થઈ કે રાજકોટમાં પિતાજીનો દેહાંત થયો. પોતે મુંબઈ હોવાને કારણે છેલ્લા દર્શન પણ ન કરી શકાયા તેનો અફસોસ આજીવન રહ્યો. પિતાજી તેમની દરેક પ્રવૃત્તિના કેન્દ્ર સમાન હતા. તેમના જવાથી જીવન દિશાશૂન્ય બની રહ્યું. મુંબઈ ખાતે નાટ્યપ્રવૃત્તિનો આખરી દોર હતો, જેથી 'રંગભૂમિ' પણ બંધ પડી. ન કહેવાય કે ન સહેવાય એવો શૂન્યાવકાશ જીવનમાં વ્યાપી ગયો. બે વર્ષ સુધી તો કાંઈ સૂઝે નહીં તેવી માનસિક મથામણમાં વીતાવ્યા. વર્ષાબહેન એમની પરિચય પુસ્તિકામાં કહે

છે, "મેં કદી ધાર્યું નહોતું કે હું લખીશ, મારી જાતની અંતિમ ઓળખ એક સર્જકની હશે."[iv] એમની લેખન કારકિર્દીની શરૂઆત ઈ.સ. ૧૯૬૬માં થઈ હતી.

પોતાના સાહિત્યસર્જન પાછળની પ્રેરણામૂર્તિ તરીકે તેઓ પિતા ગુણવંતરાય આચાર્યને ઓળખાવે છે. સાથે જ વેણીભાઈ પુરોહિત, ચુનીલાલ મડિયા, ધીરુબહેન પટેલનો ઋણ સ્વીકાર કરે છે. રહસ્યકથાઓ લખવાને કારણે તો તેમને 'દર્શક'ની વઢ ખાવી પડી હતી, તે પણ એમને યાદ છે.

## ૧.૯ પત્રકારત્વ ક્ષેત્રમાં પ્રવેશ અને નોકરી

ગુણવંતરાયના અવસાન પછી 'ગુજરાત સમાચાર'નાં તંત્રી શાંતિભાઈએ વર્ષાબહેનને એક તાર મોકલ્યો. જેમાં મહિલા સાપ્તાહિક માટે મુંબઈથી સમાચારો મોકલવાની દરખાસ્ત હતી. આ સમયે તેઓ પત્રકારત્વમાં પ્રવેશી રહ્યાં છે તે વિશે લેશમાત્ર પણ સભાન નહોતાં. 'શ્રી' સામયિકમાં નિયમિત લખવાનું શરૂ કર્યું. માતાનો શોખ વારસામાં મળ્યો હોવાથી ફેશન, બ્યૂટિ, ઈન્ટેરિયર ડેકોરેશન, ડ્રેસ ડિઝાઈન, પ્રેસ કૉન્ફરન્સના રિપોર્ટ વગેરે વિષયો પર હાથ અજમાવ્યો. 'મુંબઈ સમાચાર'માં કટાર લખવા માટે મળેલ આમંત્રણ સ્વીકાર્યું. 'સૌંદર્યનો શણગાર' નામથી કોલમની શરૂઆત કરી. નાટક કરતી વખતે શણગાર અને હેરસ્ટાઈલ કરતાં હતાં એ અનુભવને કામે લગાડ્યો. નવાં વલણોને જાણવા અને શીખવા માટે સૌપ્રથમ એશિયાટિક લાયબ્રેરીમાં પગ મૂક્યો. દુનિયાભરનાં સામયિકો વાંચીને તેમાંથી જોઈતી માહિતીનો વિનિયોગ કરીને તેઓ લખતાં. તેમની એ મહેનત સફળ થઈ અને એ સમયે તે કૉલમ ખૂબ લોકપ્રિય બની. ફેશન ટીપ્સ માટે તેમની પર પત્રો આવતા.

આ દરમ્યાન શાંતિભાઈના જ આગ્રહથી ટૂંકી વાર્તાઓ લખી અને વર્તમાનપત્રોમાં પ્રસિદ્ધ કરવા માંડી. ધીમે ધીમે તેમની વાર્તાઓએ સામયિકોમાં સ્થાન લેવા માંડ્યું. આવી

અનેકવિધ પ્રવૃત્તિઓએ તેમની એકલતા અને જીવનમાં આવેલા ખાલીપાને મનગમતી રીતે ભરી દીધો.

'જન્મભૂમિ' જૂથે 'સુધા' નામથી એક સ્ત્રી-સામયિક શરૂ કર્યું હતું. વેણીભાઈ પુરોહિતની વિનંતીને માન આપી તેના તંત્રીપદે સેવા આપી. ઈ.સ. ૧૯૭૫ થી ઈ.સ. ૧૯૭૭ સુધી કામ કર્યા પછી આ નોકરી છોડી દીધી.

લગભગ દસ વર્ષ પછી 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'એ ગુજરાતી માહિલા સાપ્તાહિક 'ફેમિના' શરૂ કરવાનું સંપૂર્ણ કાર્ય તેમને સોંપ્યું. આ જવાબદારી તેમણે અત્યંત ઉત્સાહ અને ખંતથી સુપેરે નિભાવી. 'ફેમિના'ને મહિલા વાચકોનો બહોળો પ્રતિસાદ મળ્યો. અમુક મહિનામાં જ સૈદ્ધાંતિક કારણોસર મતભેદ થયો અને નોકરી છોડી દીધી. પત્રકારત્વના ક્ષેત્રે તેમની આ સિદ્ધિ નોંધપાત્ર કહી શકાય.

## ૧.૧૦ પતિનો સથવારો

આ સિવાય તેઓ કોઈ નવીન કાર્યની શોધમાં જ હતાં. ત્યારે એક દિવસ પતિ મહેન્દ્રભાઈએ પાર્કર પેન અને કોરા કાગળોનો થોકડો લાવીને પકડાવી દીધો અને સાથે ચેતવણી આપી, "હું સાંજે ઓફિસેથી આવું ત્યારે નવલકથાનું કંઈ લખાણ કરજે."[v] અને કાંઈ ઝાઝો વિચાર કર્યા વિના લખવાનું શરૂ કર્યું. તે દિવસથી આરંભ કરેલ કાર્યને આજપર્યંત વિરામ આપ્યો નથી અને ઉત્તરોઉત્તર પ્રગતિનાં સોપાન ચડતાં રહ્યાં છે.

પિતાની સાથે સહૃદયી અને સન્મિત્ર પતિનો સંગાથ મળ્યો. આથી તેમનામાં રહેલા આંતરિક સર્જનાત્મક ગુણો ખીલ્યા. તેઓ કહે છે, "મહેન્દ્ર પોતે એકાંતપ્રિય હતા અને મારા એકાંતની અદબ જાળવતા. ગૃહિણીને સાંસારિક વ્યવહારિક જાળ બાંધે છે. તેનાથી હું મહદઅંશે એટલે મુક્ત રહી શકી હતી."[vi] 'શ્રાવણ તારાં સરવડાં' છાપવા માટે પૈસાની વ્યવસ્થા નહોતી, ત્યારે મહેન્દ્રભાઈએ મિત્રો પાસેથી જાહેરખબર લાવીને પ્રગટ કરાવેલું.

'મારે પણ એક ઘર હોય' કૃતિને ઈ.સ. ૧૯૭૨નું ભગિની નિવેદિતા પારિતોષિક મળ્યું. તે સમયે બે નાની દીકરીઓને સાચવવાની જવાબદારી સ્વીકારી મહેન્દ્રભાઈએ તેમને ઇનામ લેવા જવાની અનુકૂળતા કરી આપી. એકવાર તેમને એકાંકી લેખનસ્પર્ધા વિશે જાણવા મળ્યું. સ્ક્રિપ્ટ-સબમિશનમાં ફક્ત બે જ દિવસનો સમય હતો અને દીકરીઓ નાની હતી. તે સમયે મહેન્દ્રભાઈએ બન્ને દીકરીઓને સાચવવાનું કાર્ય ઉપાડી લીધું. એક જ સાંજના સમયગાળામાં તેમણે 'આતશ' પરથી એકાંકી લખી નાખ્યું.

મહેન્દ્રભાઈના સંપૂર્ણ સહકારને કારણે તેઓ ઘરસંસાર અને દીકરીઓની ચિંતાથી મુક્ત રહી શક્યાં હતાં. તેઓ કહે છે કે "તમારાં સપનાં પૂરાં કરવા તમારી સાથે ખાસ વ્યક્તિ તમને સાથ આપે એના જેવો આનંદ બીજો કયો હોઈ શકે ?"[vii] પતિનો સ્નેહ અને સંગાથ તેમના જીવનનું ભાથું બની રહ્યું.

## ૧.૧૧ સાહિત્યસર્જન તરફ આગેકૂચ

મહેન્દ્રભાઈનો તકાજો હતો અને લખવું તો હતું, પણ શું લખવું અને કેમ કરીને લખવું તેનો ઝાઝો અનુભવ તો હતો નહીં! તેમને યાદ આવ્યું કે કૉલેજમાં અંગ્રેજી સુધારવા માટે વુડહાઉસ, પેરી મેસન, આગાથા ક્રિસ્ટી વગેરેનું વાંચન કરેલું. રહસ્યકથાઓ વાંચવાનો શોખ હતો. તેથી સસ્પેન્સ નવલકથા લખવાની શરૂ કરી અને રચાઈ પ્રથમ થ્રીલર વાર્તા! વેણીભાઈ પુરોહિતે નામ પાડી આપ્યું, 'એક ને એક પાંચ'. ત્યારબાદ સામાજિક નવલકથા લખી 'શ્રાવણ તારાં સરવડાં'. આ રીતે જીવનમાં નવા જોમનો સંચાર થયો.

લેખન પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા દર્શાવતાં ઉદાહરણો તેમના જીવનમાં જોવા મળે છે. બીજી પ્રસૂતિ દરમ્યાન 'હીરાનો હાર' કૃતિનું સર્જન દવાખાનામાં રહીને કર્યું હતું. સંસારની માયાજાળમાં પણ તેઓ લેખનને અવિરતપણે વળગી રહ્યાં છે. બીમાર મહેન્દ્રભાઈને આઈ. સી. યુ.માં દાખલ કર્યા ત્યારે ખંડની બહાર બેસીને 'મૃત્યુદંડ' કૃતિનું નિર્માણ કર્યું. સવારે

ત્રણ વાગ્યે ઊઠીને લખવાનો તેમનો વણલખ્યો નિયમ સતત ૧૪ વર્ષ તેમણે પાળ્યો. આજે પણ બેરેક રોડ ખાતેના નિવાસસ્થાને સવારનો પહેલો ચાનો કપ લઈને તેઓ ટેબલ પર બેસે છે. વર્ષના ૩૬૫ દિવસ!

વર્ષાબહેને સ્ત્રીઓની વેદના અને તેની ઉપર થતાં અત્યાચારોને કાગળ પર ઉતાર્યાં છે. તે નારીવાદનો ઢોલ પીટતાં નથી. સમાજસુધારક તરીકેની ભૂમિકા પણ નિભાવતાં નથી. સમાજને સ્પર્શતા વિષયો પર લખવા પાછળ તેમનો આશય સમાજને સુધારવાનો નથી, પણ તેમની કલમ દ્વારા માનવીની સંવેદનાઓને જગાડતા રહેવાનો છે. તેઓ ફક્ત આંગળી ચીંધવાનું કામ કરે છે. તેમના મતે સર્જકનું કામ સમાજના અંધારા ખૂણામાં દીવો પ્રગટાવવાનું છે. તેઓ કહે છે, "આજનો માનવી અંતરિક્ષના ગ્રહો વિશે જાણકારી ધરાવે છે પણ બાજુમાં ઊભેલા માણસનાં રૂંવાડાંને પણ ઓળખતો નથી."[viii] આથી જ એક સર્જક તરીકેની જવાબદારીને તેઓ સંતોષપૂર્વક પૂર્ણ કરવા માગે છે.

## ૧.૧૨ ઇનામો અને એવોર્ડ્સ

વર્ષા અડાલજાને મળેલ ઇનામો અને પારિતોષિકોની યાદી નીચે મુજબ છે:

| ક્રમ | પુસ્તક, અન્ય | પુરસ્કાર |
|---|---|---|
| ૧. | 'મારે પણ એક ઘર હોય'(નવલિકા) | ગુજરાતી સાહિત્ય પરિષદ(૧૯૭૨) |
| ૨. | 'આતશ'(નવલકથા) | ગુજરાતી સાહિત્ય પરિષદ(૧૯૭૫) |
| ૩. | 'અવાજનો આકાર'(નવલકથા) | ગુજરાતી સાહિત્ય અકાદમી(૧૯૭૬) |
| ૪. | 'આતશ'(નવલકથા) | સોવિયેત લેન્ડ નહેરુ એવોર્ડ(૧૯૭૬) |
| ૫. | 'એ'(નવલિકાસંગ્રહ) | ગુજરાતી સાહિત્ય અકાદમી(૧૯૭૮) |
| ૬. | 'ગાંઠ છૂટ્યાની વેળા'(નવલકથા) | ભગિની નિવેદિતા પારિતોષિક, સ્વામી વિવેકાનંદ ટ્રસ્ટ(૧૯૮૧-૮૫) |
| ૭. | 'મારે પણ એક ઘર હોય'(નવલકથા) | ભગિની નિવેદિતા પારિતોષિક(૧૯૮૬) |
| ૮. | 'અણસાર'(નવલકથા) | સનતકુમારી પુરસ્કાર, ગુજરાત વિદ્યાસભા (૧૯૯૫) |

| | | |
|---|---|---|
| ૯. | 'અણસાર'(નવલકથા) | સાહિત્ય અકાદમી દિલ્લી(૧૯૯૫) |
| ૧૦. | 'અણસાર'(નવલકથા) | સાબરમતી પુરસ્કાર, ભારતીય ભાષા પરિષદ, કલકત્તા(૧૯૯૬) |
| ૧૧. | જર્નાલિઝમ એવોર્ડ | જર્નાલિસ્ટસ અસોસિએશન ઑફ ગુજરાત (૧૯૯૭) |
| ૧૨. | 'ગાંઠે બાંધ્યું આકાશ'(નવલિકાસંગ્રહ) | સરોજ પાઠક સ્મૃતિ પારિતોષિક(૧૯૯૮) |
| ૧૩. | 'મંદોદરી'(નાટક) | બટુકભાઈ ઉમરવાડિયા પારિતોષિક, ગુજરાતી સાહિત્ય પરિષદ(૧૯૯૮) |
| ૧૪. | 'મંદોદરી'(નાટક) | ગુજરાતી સાહિત્ય અકાદમી(૧૯૯૮) |
| ૧૫. | 'મોતી વેરાણાં ચોકમાં' (ગુજરાતી ફિલ્મ)શ્રેષ્ઠ વાર્તા | ગુજરાત ગવર્નમેન્ટ ફિલ્મ બૉર્ડ (૧૯૯૯-૨000) |
| ૧૬. | 'ત્રીજો કિનારો'(નવલકથા) | કનૈયાલાલ માણેકલાલ મુનશી એવોર્ડ, હ્યુમન સોસાયટી ઑફ ઈન્ડિયા(૨00૨) |
| ૧૭. | 'નભ ઝૂક્યું'(પ્રવાસવર્ણન) | કાકાસાહેબ કાલેલકર એવોર્ડ, ગુજરાતી સાહિત્ય પરિષદ(૨00૨) |
| ૧૮. | 'ગાંઠે બાંધ્યું આકાશ'(નવલકથા) | નંદશંકર પાઠક પુરસ્કાર, નર્મદ સાહિત્ય સભા(૨00૩) |
| ૧૯. | 'અનુરાધા'(નવલિકાસંગ્રહ) | રામનારાયણ પાઠક પુરસ્કાર, મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાત સાહિત્ય અકાદમી (૨00૩) |
| ૨૦. | 'કોઈ વાર થાય કે...'(નવલિકાસંગ્રહ) | રામનારાયણ પાઠક પુરસ્કાર, મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાત સાહિત્ય અકાદમી (૨00૪) |
| ૨૧. | 'શગ રે સંકોરું!'(નવલકથા) | મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાત સાહિત્ય અકાદમી(૨00૪) |
| ૨૨. | 'અણસાર'(નવલકથા) | રણજિતરામ સુવર્ણચંદ્રક, ગુજરાત સાહિત્ય સભા(૨00૫) |
| ૨૩. | 'પરથમ પગલું માંડિયું'(નવલકથા) | એનીબેન સરૈયા પુરસ્કાર(૨00૫) |
| ૨૪. | 'સમી સાંજે અજવાળાં' (ગુજરાતી ધારાવાહિક) | Transmedia Award(૨00૭) |
| ૨૫. | 'પરથમ પગલું માંડિયું'(નવલકથા) | ચુનીલાલ મડિયા પુરસ્કાર, મહારાષ્ટ્ર રાજ્ય |

| | | |
|---|---|---|
| | | ગુજરાત સાહિત્ય અકાદમી(૨૦૦૮) |
| ૨૬. | સાહિત્યગૌરવ પુરસ્કાર(life time achievement award) | ગુજરાતી સાહિત્ય અકાદમી(૨૦૦૮-૦૯) |
| ૨૭. | સાહિત્યગૌરવ પુરસ્કાર | સંસ્કૃતિ અભિવાદન ટ્રસ્ટ(૨૦૦૯-૧૦) |
| ૨૮. | જીવનગૌરવ પુરસ્કાર | મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાત સાહિત્ય અકાદમી (૨૦૦૯-૧૦) |
| ૨૯. | 'તને સાચવે પારવતી'(નવલિકાસંગ્રહ) | રામનારાયણ પાઠક પુરસ્કાર,મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાત સાહિત્ય અકાદમી(૨૦૧૦) |
| ૩૦. | 'તું છે ને!'(નવલિકાસંગ્રહ) | રામનારાયણ પાઠક પુરસ્કાર, મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાત સાહિત્ય અકાદમી(૨૦૧૨) |
| ૩૧. | 'લાક્ષાગૃહ'(નવલકથા) | મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાત સાહિત્ય અકાદમી (૨૦૧૩) |
| ૩૨. | 'ક્રોસરોડ'(નવલકથા) | ગુજરાતી સાહિત્ય પરિષદ(૨૦૧૬) |
| ૩૩ | સમગ્ર સાહિત્ય માટે | જગદ્ગુરુ રામાનંદાચાર્ય પુરસ્કાર (૨૦૧૬) |
| ૩૪. | 'ક્રોસરોડ'(નવલકથા) | ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક<br>વર્ષની શ્રેષ્ઠ સાહિત્ય કૃતિ<br>ગુજરાતી સાહિત્ય પરિષદ(૨૦૧૬) |
| ૩૫. | 'ક્રોસરોડ'(નવલકથા) | ચુનીલાલ મડિયા પુરસ્કાર, મહારાષ્ટ્ર રાજ્ય ગુજરાત સાહિત્ય અકાદમી(૨૦૧૭) |
| ૩૬. | 'ક્રોસરોડ'(નવલકથા) | દર્શક ઍવોર્ડ ફોર લાઇફ ટાઇમ અચિવમેંટ (૨૦૧૭) |
| ૩૭. | 'ક્રોસરોડ'(નવલકથા) | સ્વાતંત્ર્ય સૈનિક રસિકભાઈ આઝાદ ઍવોર્ડ, (જનજાગૃતિ અભિયાન, વડોદરા) (૨૦૧૮) |
| ૩૮. | સમગ્ર સાહિત્ય માટે | Sparrow Literary Award (૨૦૧૮) |
| ૩૯. | સમગ્ર સાહિત્ય માટે | ભગવતીકુમાર શર્મા ચંદ્રક, લાઈફ ટાઈમ અચિવમેન્ટ ઍવોર્ડ, નર્મદ સાહિત્ય |

| | | |
|---|---|---|
| | | સભા(૨૦૧૯) |
| ૪૦. | ‘અભિલાષા-એક અસ્તિત્વની’<br>(ધારાવાહિક) | બેસ્ટ સિરિયલ રાઈટર એવોર્ડ(૨૦૧૯) |

વોશિંગ્ટન ડી.સી.માં આવેલી લાયબ્રેરી ઑફ કૉંગ્રેસમાં દુનિયાની દરેક ભાષાઓના સાહિત્યકારોના પોતાના અવાજમાં રેકૉર્ડિંગ કરીને જાળવવામાં આવ્યાં છે. જેમાં ગુજરાતી ભાષાનાં સર્જકોમાં વર્ષાબહેન પર પસંદગી ઉતારવામાં આવી હતી. તેમના અવાજમાં તેમની જ કૃતિના અંશો અમેરિકાની એ લાયબ્રેરીમાં સાચવવામાં આવ્યા છે.(૨૦૦૧)

ઈ.સ. ૨000ની સાલમાં ‘ગુજરાતી લિટરરી કોન્ફરન્સ’ સંસ્થાનાં સભ્ય તરીકે તેઓને ‘બ્રિટન ગુજરાતી લિટરરી એકેડમી’, યુ. કે. તરફથી આમંત્રિત કરવામાં આવ્યાં હતાં. તેમણે ઈ.સ. ૨૦૦૯માં સાહિત્ય અકાદમીના સભ્ય તરીકે વિવિધ વિષયો પર ચર્ચા કરવા માટે ‘લંડન બૂક ફેર’માં ભાગ લીધો હતો. ‘નોર્થ અમેરિકા ગુજરાતી લિટરરી એકેડમી’એ કવિવર ટાગોરની જન્મજયંતી નિમિત્તે લિટરરી કૉન્વોકેશનમાં વક્તા અને વિશેષ અતિથિ તરીકે તેમને આમંત્રણ આપ્યું હતું. (ઈ.સ. ૨૦૧૦)

વર્ષાબહેન ગુજરાતી સાહિત્ય પરિષદના સેક્રેટરી તરીકે (વર્ષ ૧૯૮૯-૧૯૯૨) રહ્યાં. ગુજરાતી સાહિત્ય પરિષદનાં ઉપપ્રમુખ તરીકે વર્ષ ૨૦૦૬-૨૦૧૦,૨૦૧૦-૨૦૧૩ સુધી રહ્યાં. સાહિત્ય અકાદમીનાં ગુજરાતી એડવાઈઝરી બોર્ડ, દિલ્હીમાં વર્ષ ૨૦૦૩-૨૦૦૭, ૨૦૦૮-૨૦૧૨, ૨૦૧૮-૨૦૨૨ માટે પસંદ થયાં.

વર્ષાબહેનની ઈ.સ. ૨૦૧૨માં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ તરીકે વરણી થઈ. તેમની સાહિત્ય અકાદમીના ગુજરાતી પ્રાદેશિક બોર્ડ પર અત્યારે ત્રીજી ટર્મ માટે નિયુક્તિ

થઈ છે. તેઓ સાહિત્ય અકાદમીના જનરલ કાઉન્સીલમાં ૨૦૦૮-૨૦૧૨ સભ્ય તરીકે ચૂંટાયાં. ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્ય તરીકે છેલ્લાં ૪૦ વર્ષથી તેઓ કાર્યરત છે.

વર્ષાબહેને અત્યાર સુધી વિશ્વના ઘણા દેશોની મુસાફરી કરી છે. જે આ મુજબ છે: યુ.એસ.એ., બેંગકોક, હોંગકોંગ, ઇન્ડોનેશિયા, ચીન, યુ. કે., ઈઝરાઇલ-તેલ-અવીવ, ફ્રાન્સ-પેરિસ, ઇજિપ્ત, અબુ ધાબી, દુબઈ, કૂજૈરહ, બેલ્જિયમ, શ્રીલંકા, કમ્બોડિયા, જોર્ડન, અમાન.

## ૧.૧૩ સાહિત્યસર્જન

સ્ત્રીઓના કેસ લડતી એક વકીલ મિત્ર સાથે વર્ષાબહેન ઘણીવાર કોર્ટમાં જતાં. ત્યાં તેમણે ન્યાય માટે વર્ષો સુધી ધક્કા ખાતી સ્ત્રીઓની દયનીય સ્થિતિ જોઈ. અત્યાર સુધી સ્ત્રીઓની પીડા, તેમને થતાં અન્યાય અને શોષણને કેવળ વાંચ્યું જ હતું. હવે તેમનો સીધો મેળાપ આવી ઘટનાઓ સાથે થયો. તેઓ અંદરથી હચમચી ગયાં. સાસરિયાઓએ બાળી મૂકેલી, કોલસો થઈ ગયેલી સ્ત્રીઓને નજર સમક્ષ જોઈને તેમની ઊંઘ વેરણ બની ગઈ. આવી જ દર્દનાક કહાનીઓ તેમની વાર્તા માટેની પૂરક સામગ્રી બની.

વર્ષાબહેને સત્યઘટના પ્રેરિત વાર્તાઓનાં લેખન કર્યું છે. આ માટે હૉસ્પિટલ, અનાથાશ્રમ, બાળગુનેગાર આશ્રયસ્થાન, જેલ, કુષ્ઠ રોગીઓની વસાહત, આદિવાસીઓનાં ગામ અને રક્તપિત્ત-આશ્રમ જેવાં સ્થળોની મુલાકાતો લીધી છે. ત્યાં રહીને તેમની સમસ્યાઓ વિશે માહિતી એકઠી કરીને લેખનકાર્ય કર્યું છે. આથી જ તેમની કથાઓ વાસ્તવની વધુ પાસે છે. સ્ત્રી સામયિકોમાં લેખનપ્રવૃત્તિ કરી અને બે સ્ત્રી સામયિકના તંત્રી તરીકે કામ કર્યું છે. આથી સમાજમાં સ્ત્રીઓની સ્થિતિ-સમસ્યાઓ વિશે વધુ જાણવાનું બન્યું. આ દરેક અનુભવનો તેમની વાર્તાઓની રચનામાં ઉપયોગ કર્યો.

તેમની મોટાભાગની કથાનો પ્રવાહ નારી તરફ વહે છે. નાયિકાપ્રધાન કથા હોવા છતાં તે નારીવાદની તરફેણ કે પ્રચાર કરતાં નથી. તેમની નાયિકાઓ મજબૂત મનની

માનુનીઓ છે. પોતાની હાલત પર રડીને બેસી રહેવાને બદલે દરેક સમસ્યાનો રસ્તો શોધે છે. સંઘર્ષને દૂર કરી નવા રસ્તે ચાલવાની હિંમત રાખે એવી નારીનું ચિત્રણ તેમની વાર્તાઓમાં જોઈ શકાય છે. એમ જોઈ શકાય છે કે સ્ત્રી-પાત્રોને ધાર આપવા માટે જ પુરુષપાત્રોનું નિર્માણ થયું છે.

### ૧.૧૩.૧ નવલકથાઓ

વર્ષાબહેનના સમગ્ર સાહિત્યસર્જનને જોતાં જણાય છે કે તેમને નવલકથા પરત્વે વિશેષ લગાવ છે. તેમની કલમે હૃદયસ્પર્શી નવલકથાઓનું સર્જન થયું છે.

સામાજિક નવલકથા, વાસ્તવદર્શી નવલકથા અને રહસ્યકથા. એ ત્રણ તરેહોની કથા તેમણે આલેખી છે. ગુજરાતીમાં 'ડોક્યુનોવેલ' એટલે કે વાસ્તવિક ઘટનાઓ પર સંશોધન કરી નવલકથા લખવાનો આરંભ વર્ષાબહેને કર્યો છે. સામાજિક કથાઓમાં અમુક પરિસ્થિતિમાં મૂકાયેલાં પાત્રોની આંતરિક મથામણ, સંઘર્ષો અને વેદનાનું આલેખન છે.

'શ્રાવણ તારાં સરવડાં' (૧૯૬૮), 'તિમિરના પડછાયા' (૧૯૬૯), 'એક પળની પરખ'-'પગરવ' (૧૯૬૯), 'મારે પણ એક ઘર હોય' (૧૯૭૧), 'રેતપંખી' (૧૯૭૪), 'આનંદધારા' (૧૯૭૬), 'માટીનું ઘર' (૧૯૯૪), 'ત્રીજો કિનારો' (૨૦૦૧), 'શગ રે સંકોરું!' (૨૦૦૪), 'લાક્ષાગૃહ' (૨૦૦૯) અને 'ક્રોસરોડ' (૨૦૧૬) એમની સામાજિક નવલકથાઓ છે.

'આતશ' (૧૯૭૬), 'ગાંઠ છૂટ્યાની વેળા' (૧૯૮૦), 'ખરી પડેલો ટહુકો' (૧૯૮૩), 'બંદીવાન' (૧૯૮૬), 'અણસાર' (૧૯૯૨) અને 'પરથમ પગલું માંડિયું' (૨૦૦૮) વાસ્તવદર્શી નવલકથાઓ છે.

'પાંચ ને એક પાંચ' (૧૯૬૯), 'અવાજનો આકાર' (૧૯૭૫), 'છેવટનું છેવટ' (૧૯૭૬), 'નીલિમા મૃત્યુ પામી છે' (૧૯૭૭), 'પગલાં' (૧૯૮૩), 'એની સુગંધ' (૧૯૮૭), 'પાછાં ફરતા' (૧૯૯૧) અને 'મૃત્યુદંડ' (૧૯૯૬) રહસ્યકથાઓ છે.

‘મારે પણ એક ઘર હોય’ કથામાં નારીની સંવેદનાને અંકિત કરવાનો પ્રયાસ કર્યો છે. ‘ત્રીજો કિનારો’ અને ‘શગ રે સંકોરું!’ બન્ને કથામાં નારીની મુક્તિનો સ્વર સંભળાય છે. ‘ત્રીજો કિનારો’ની નાયિકા અશુમી સાબિત કરે છે કે સ્ત્રી જો ધારે તો પતિ અને પિતાના ઘર સિવાયનો ત્રીજો કિનારો પોતાની માટે અવશ્ય શોધી શકે છે. 'શગ રે સંકોરું!'ની પ્રૌઢ વયની નારી બે યુવાન પુત્રીઓને સાથે રાખીને પતિને ઘર છોડીને જવાનું કહેવાની હિંમત દાખવે છે.

નવલકથાઓના બીજા પ્રવાહમાં તેમણે વાસ્તવદર્શી કથાઓ આલેખી છે. આ માટે પોતાની આસપાસ, સમાજમાં બનતી કોઈ ઘટના, પ્રસંગ, વર્તમાન સમાચાર કે પ્રશ્નનો વિનિયોગ કર્યો છે. ‘આતશ’ની કથાવસ્તુ સાવ અનાયાસે જ તેઓને મળી હતી. ‘લાઈફ’ મેગેઝીનનાં પાનાં ઉથલાવતા તેમની નજર એક સમાચાર પર પડી. જેમાં, અમેરિકનોએ માઈલાઈ નામના ગામ ઉપર કરેલ બોમ્બવર્ષાનું વર્ણન હતું. બાળકોની લાશના થયેલા ઢગલાના અને અમેરિકન સૈનિકોએ કરેલા હત્યાકાંડના ફોટા જોઈને તેમનો આત્મા ઊકળી ઉઠ્યો. બોંબમારાને કારણે સળગી ગયેલું ગામ અને આઘાતથી સ્તબ્ધ બનીને લોહી નીતરતી એક નાનકડી નગ્ન બાળકીની તસવીર જોઈને તેમના મનમાં પ્રશ્ન ઊઠ્યો, “શા માટે આ યુદ્ધ? શા માટે આ સંહાર? શા માટે આ વેદના?” આ વિષય પરથી વાર્તા લખી. પારકા દેશની યુદ્ધ કથાએ સાહિત્ય અકાદમીનું પારિતોષિક અને સોવિયેટ લેન્ડ નહેરુ એવોર્ડ મેળવી આપ્યાં. આ કથાનક પરથી તેમણે એક એકાંકીની પણ રચના કરી છે.

મેરીલિન મનરોની આત્મકથા વાંચીને ‘આનંદધારા’ની રચના કરી. તે માત્ર ચાર વર્ષની વયે અનાથ બનેલી. અત્યંત કરુણ જીવનની શરૂઆત થકી કાળક્રમે મોડેલિંગની દુનિયામાં પ્રવેશી અને નસીબને જોરે ફિલ્મી જગતનો સિતારો બની. ધન અને સંપત્તિના અગણિત ઢગ પર બિરાજમાન, કીર્તિના સર્વોચ્ચ શિખરે પહોંચેલી મેરીલિન મનરોએ આખરે

આપઘાત કર્યો હતો. 'આનંદધારા'ની નાયિકા રાણી હરદ્વાર જઈ ગંગાના શાંત કિનારે વસી જાય છે. અહીં સુખની મૃગયા ખેલતી અને અંતે કશું જ ન મેળવી શકતી દરેક નારીનું ચિત્રણ છે.

'ખરી પડેલો ટહુકો'માં માનસિક રીતે વિકલાંગ બાળકીની માતાની વેદના છે. આ વાર્તાનું કથાનક તેમને મુંબઈની બસ મુસાફરી દરમ્યાન મળી આવ્યું હતું. એક સ્ત્રીને પોતાનું બાળક માનસિક રીતે પછાત હોવાની જાણ થાય ત્યારે તેની મનઃસ્થિતિ અકલ્પનીય બની જાય છે અને એમાં પણ પતિની ઉપેક્ષા! આ કથાની નાયિકા વૃંદા પોતાની માનસિક અને શારીરિક અપંગ બાળકી શ્યામાને ખાતર ગૃહત્યાગ કરીને પોતાનો રાહ જાતે પસંદ કરે છે. પતિને પોતાની અને દીકરીની જવાબદારીમાંથી સ્વેચ્છાએ મુક્ત કરે છે. આ સાથે જ પોતે એક નવો જન્મ પામ્યાની લાગણી અનુભવે છે.

આ વાર્તાના લેખન માટે તેઓ વરલીની માનસિક બાળકોની હોસ્પિટલમાં રોજ જતાં અને તે બાળકોની માતાઓ સાથે વાતો કરીને તેમની મનઃસ્થિતિ સમજવાનો પ્રયાસ કરતાં. તેઓ જોતાં કે કોળિયો હાથમાં લઈને મોંમાં મૂકવા જેવી નાની સરખી ક્રિયા શીખવવા માટે દિવસો લાગતા. એ જોઈ તેમનું હૃદય વલોવાઈ જતું અને તેમાંથી નીપજી આ કથા. આ વાર્તા 'નવનીત સમર્પણ'માં હપ્તાવાર પ્રગટ થઈ હતી અને વાચકોનો બહોળો પ્રતિસાદ મળ્યો હતો.

સૌથી વધુ દયનીય પરિસ્થિતિ 'અણસાર' પ્રયોગશીલ કથામાં જોવા મળે છે. આ વાર્તા તેમણે પ્રથમ ચાર પૃષ્ઠની નવલિકારૂપે લખી હતી. જેમાં સુશિક્ષિત પરિવાર પોતાની ગૃહલક્ષ્મીને રક્તપિત્તનો રોગ થયાનું જાણે છે. તેને અંધારી રાતે દુનિયાની નજરથી છૂપાવીને દવાખાને મૂકી આવે છે. બહારની દુનિયામાં કદી એકલી ન ફરેલી રૂપા ત્યારબાદ કઈ રીતે ઝૂંપડપટ્ટીમાં અને છેવટે આશ્રમમાં પહોંચી જાય છે તેનું હૃદયદ્રાવક વર્ણન છે.

આ વાર્તાની વાચકો પર એટલી બધી અસર થઈ કે સંસ્થાને ૨૫ થી ૩૦ લાખ જેટલી માતબર રકમનું દાન મળ્યું. ત્યારબાદ તેમણે એ વિષય લઈને નવલકથા લખી. આ નવલકથા પરથી 'માણસ આખરે અધૂરાં' નાટક બન્યું અને તેના લંડનમાં શૉ પણ થયા. તેના ઉપરથી હની છાયાએ બનાવેલી ટેલિફિલ્મ વર્ષાબહેને દિગ્દર્શિત કરી હતી. આ વાર્તા ગુજરાતી સાહિત્યમાં એક સીમાચિહ્નરૂપ કૃતિ છે.

વાર્તાની રચના પૂર્વે તેઓ લેપ્રસીના ગીચ અને નાની ઓરડીઓવાળા આશ્રમમાં રહ્યાં હતાં અને પીડિતો સાથે સમય ગુજાર્યો હતો. 'જન્મભૂમિ પ્રવાસી'માં હપ્તાવાર પ્રગટ થયેલી આ કૃતિને 'વેદનાગ્રસ્ત અભાગી માનવોને માટે હરિની એંધાણી' સમી કહેવાય છે. આ નવલકથાને ઈ.સ. ૧૯૯૫નો સાહિત્ય અકાદમીનો પુરસ્કાર મળ્યો હતો. આ સિવાય પણ આ કથાને ત્રણ પુરસ્કાર મળ્યા છે.

ચુનીલાલ મહારાજ, જેમણે સેવાનો ભેખ ધારણ કરીને મધ્યપ્રદેશના આદિવાસી વિસ્તારમાં જ્યોત જલાવી, તેમની વાત 'ગાંઠ છૂટ્યાની વેળા'માં દર્શાવી છે. આ વાર્તા લખવા માટે નાની દીકરીને સાથે લઈને મધ્યપ્રદેશના વેરાન વગડામાં ઘૂમ્યાં છે. ઝાબુઆ જિલ્લાના અલીરાજપુરના નિર્જન બસ-સ્ટૉપ પર તેઓ પોતાની નાની દીકરીને લઈને બેઠાં હતાં, સાથે લીધેલું ભાથું પણ ખલાસ હતું. એ વખતે પથ્થરો લઈને જતી એક ખુલ્લી ટ્રકને વિનંતી કરીને તેમાં બેસીને વગડો ખૂંદીને જંગલમાં પહોંચ્યાં. આ ઘટના પછી તેમના શબ્દો હતા, "મને પડેલી રાઈના દાણા  જેટલી હાડમારી વિશે વિચારતાં લાગ્યું કે આદિવાસી પ્રજાની  હાડમારી તો કેટલી પ્રચંડ છે."[ix]

'પરથમ પગલું માંડિયું'માં યુવાન કરમશીભાઈના સંઘર્ષ અને ઉદ્યોગપતિ બનવા પાછળની નિરંતર મહેનતની વાત છે. 'બંદીવાન'ની કથા જેલજીવન ઉપર આધારિત છે. તિહાર જેલના આસિસ્ટન્ટ જેલર વેદપ્રકાશ ગર્ગેએ જેલમાં ચાર્લ્સ શોભરાજના ડ્રગ્સ સામ્રાજ્ય સામે

અવાજ ઉઠાવ્યો. આ સાથે તેની બદલી થઈ ગઈ. આ સમાચાર વાંચીને નવલકથા 'બંદીવાન'ની રચના કરી. આ માટે આર્થર રોડ જેલની, કેદીઓની મુલાકાત લીધી. એ માટે તકલીફો ભોગવી. બિહાર વિશે અને ત્યાંના રાજકારણ વિશે માહિતી ભેગી કરી. આ વાર્તામાં જેલની અંધારી કોટડીમાં રહેલા કેદીઓની મનોવ્યથાને વર્ણવી છે. જેમાં જેલના સળિયા પાછળની બરબાદીની કહાણી છે, જેનાથી સામાન્ય માનવી તો સાવ અજાણ છે. તેઓ કહે છે કે "આ માત્ર કેદીઓની વાત નથી પણ આપણે પણ સળિયા વિનાના સમાજ નામના એક કારાગારમાં પુરાયેલા છીએ."[x]

'મારે પણ એક ઘર હોય'માં બે બહેનોની વાત છે. એક બહેનની લાગણીને સાટે બીજી પોતાનું ઘર નથી વસાવી શકતી તેનો વસવસો કરતી બતાવી છે. આ વાર્તા પરથી મુંબઈ દૂરદર્શને પ્રથમ ધારાવાહિકનું નિર્માણ કર્યું હતું. દૂરદર્શને ફરીથી આ વાર્તા પરથી અન્ય ધારાવાહિક, નાટક અને ગુજરાતી ફિલ્મ બનાવી હતી. આ માટે તેમને ગુજરાત સરકાર તરફથી **'બેસ્ટ ઓરિજનલ સ્ટોરી'નું** ઇનામ મળ્યું હતું. તેમની ETV પરની ધારાવાહિક 'અપરાજિતા'ને ઉત્તમ ધારાવાહિકનો એવોર્ડ મળ્યો છે.

'તિમિરના પડછાયા'માં એક ન્યાયાધીશની વાત છે. જેમના જીવનમાં નિ:સંતાન પત્ની અને પોતાના અનૌરસ સંતાનની મા, એમ બે સ્ત્રીઓ હોય છે. આ નવલકથા પરથી નાટક લખાયું અને તેના દેશ-પરદેશમાં ઘણાં નિદર્શન થયાં. આ નાટક પરથી ગુજરાતી ફિલ્મ બની. વીસ વર્ષ બાદ ફરી લખાયું અને અમેરિકામાં તેનાં નિદર્શન થયાં.

'પાંચ ને એક પાંચ' તેમની સૌપ્રથમ રહસ્યકથા છે. આ કથામાં તેમણે ટ્રેનની મુસાફરીમાં છ યાત્રીઓ છે અને તે પૈકી એકનું ખૂન થઈ જાય છે એવી વાર્તાનું નિરૂપણ કર્યું છે. 'અવાજનો આકાર' વાર્તામાં અંધ તરુણની સૂંઘીને વાત જાણી લેવાની અને પગલાંને ઓળખી લેવાની શક્તિનો પરિચય આપ્યો છે. આ શક્તિ થકી તે ગુનેગારને પકડી લે છે.

વર્ષાબેનના પતિ મહેન્દ્રભાઈ આઈ.સી.યુ.માં જીવનની છેલ્લી ક્ષણો ગણી રહ્યા હતા. તેઓ બહાર વેઇટિંગરૂમમાં બેસી રહેતાં તે સમયે 'મૃત્યુદંડ' વાર્તાની રચના થઈ. તે જ સમયે 'ક્રોસરોડ'નો ઘાટ ઘડાયો હતો.

'ક્રોસરોડ' વાર્તામાં ત્રણ પેઢીની વાત છે. જેમાં ગાંધીયુગથી લઈને વર્તમાન સમય સુધીની અડધી સદી દરમ્યાનની મહિલાઓની પરિસ્થિતિ દર્શાવી છે. ઈ.સ. ૧૯૨૨ થી ઈ.સ. ૧૯૭૫ સુધીનો ભારતનો ઇતિહાસ તાદ્દશ કર્યો છે. આ ગુજરાતી સાહિત્યની એક માઈલસ્ટોન કૃતિ છે. જે બદલાતા સમાજનું પ્રતિબિંબ છે. જેમાં બ્રિટિશ રાજની સામે હિંમતથી કુરબાન થઈ ગયેલા ભારતના કેટલાય અપ્રસિદ્ધ નાયકોની ખુદ્દારી અને વતનપરસ્તીની દાસ્તાન છે. સ્વાતંત્ર્યની વેદી પર હોમાયેલા જુવાન પુત્રોની આ કથની છે, જેનાથી વર્તમાન પેઢી અજાણ છે.

એની સમાંતરે સદીઓથી પુરુષપ્રધાન સમાજ તળે પીંખાતી, કચડાતી, સામાજિક દૂષણોનો ભોગ બનેલી સ્ત્રીઓનો સંઘર્ષ આલેખાયો છે. આ કૃતિને સાહિત્યનો પ્રતિષ્ઠિત દર્શક ઍવોર્ડ પ્રાપ્ત થયો છે. આ કૃતિની રચના કરતા પહેલાં તેઓ પંજાબ, અમૃતસર અને કલકત્તાની ગલીઓમાં ફર્યાં છે. તે દરેક સ્થળોની મુલાકાત લીધી છે જ્યાં તેમનાં પાત્રોને સંતાવાની જગ્યા મળી શકે એમ હોય! ઇતિહાસની તિરાડોમાં પુરાયેલી કથાને બહાર લાવીને તેમણે વણજાણીતા અને વણઓળખાયેલા ચહેરાઓને તાદૃશ કરવાનો સફળ પ્રયત્ન કર્યો છે.

'લાક્ષાગૃહ'માં મધ્યમવર્ગીય પરિવારની દીકરીની આકાશને આંબવાની ઇચ્છાને આકાર આપ્યો છે. એ સ્વપ્નને પૂર્ણ કરવા માટેની કિંમત પરિવારને પોતાનાં સુખ અને શાંતિથી ચૂકવવી પડી એ વાત મૂકી છે. વાર્તામાં આજના સમયની તેજ રફતાર અને સાંકડા થતા જતા મનનું ચિત્રણ આપ્યું છે. સતત જવાબદારીઓથી ત્રાહિમામ પામેલો માનવી અહીં નિરૂપણ

પામ્યો છે. આ કથાનક વર્તમાન સમયને ઉજાગર કરે છે અને એથી વાસ્તવિક લાગે છે. 'A slice of today's modern urban middle class–life.'[xi]

'ત્રીજો કિનારો'ની વાર્તાસૃષ્ટિ ભિન્ન ભિન્ન પાત્રો પર અવલંબે છે. મુખ્ય પાત્ર સરળ અશુમી અને બીજા છેડે તેની બહેનપણી અને નણંદ કાદંબરી. એક તરફ મોડર્ન મમ્મી અને સામે જમાનાનાં ઝેર ખાઈને પાકટ વયે પહોંચેલાં સાસુમા. વાર્તાનાં ચારેય સ્ત્રીપાત્રો એકબીજાથી અલગ અને છતાં એક જ લીટીમાં જીવતા હોય તેવાં! અંતે બીજી સ્ત્રીનાં મોહપાશમાં લપેટાયેલા પતિને છોડીને એકલપંથી બની અશુમી નવા જીવન તરફ પ્રયાણ કરે છે. તેના વ્યક્તિત્વથી તદ્દન વિરુદ્ધ નિર્ણય લે છે.

'રેતપંખી'માં સુનંદા એક બીજવરને પરણીને આવી છે. તેને સતત એમ લાગે છે કે શોક્ય તેનો પીછો કરે છે. પ્રથમ પત્નીનાં બાળકો તેનો સ્વીકાર કરતાં નથી એ વાતનો તેને અજંપો રહે છે. આ કારણે તેને સાવકા પુત્રના મિત્ર સાથે માયા થાય છે. અન્ય સ્ત્રીપાત્ર તરીકે તેની પિતરાઈ બહેન તારા છે. તારા ડ્રાઇવર સાથે ભાગી ગઈ હતી અને આજે એક ગુમનામી ભરી જિંદગી જીવે છે.

આ વાર્તા પરથી હિન્દી ટેલિવિઝનની એક સફળ નિર્માત્રીએ તેમની મંજૂરી વગર ધારાવાહિક બનાવી. એની જાણ થતાં તેમણે ન્યાય માટે લડવાનું નક્કી કર્યું. અને પછી મેટ્રોથી અંધેરી સુધી લાંબા ધક્કા ખાધા. દીકરીઓની મનાઈ છતાં તેઓ ન્યાય માટે લડતાં રહ્યાં. છેવટે લાંબા કાનૂની જંગ પછી સાડા સાત લાખ રુપિયાનું વળતર મળ્યું. તેમના મતે આ લડત પૈસાની નહીં, પરંતુ હકની હતી.

'શગ રે સંકોરું!'ની નાયિકા વસંતના જીવનમાંથી ધાર્મિક વૃત્તિનો પતિ ધીમે ધીમે કઈ રીતે બહાર નીકળી જાય છે તેનું નિરૂપણ છે. જીવનની આથમતી સંધ્યાને આરે ઊભેલી એકલી નારી શું કરી શકે? એ આ વાર્તાનું હાર્દ છે. ધર્મ અને ગુરુના પ્રચારમાં રચ્યોપચ્યો રહેતો

પતિ ગુરુની આજ્ઞાનું પાલન કરીને બ્રહ્મચર્યનો ભેખ ધારણ કરે છે. પત્નીની ઇચ્છાઓ અને શારીરિક તૃપ્તિ તરફ બેદરકાર બને છે ત્યારે ઉદ્દભવતા એક સ્ત્રીના પ્રશ્નો પર લેખિકાએ પ્રકાશ પાડ્યો છે. નાયિકા વસંત પોતાની દીકરીઓને ખાતર સમાધાન તો કરી લે છે પણ ચીલાચાલુ અંત કરતાં નવીન અંત તરફ ધપતી વાર્તામાં નાયિકા પતિને ઘર છોડી જવા ફરજ પાડે છે. સમાજ માટે આ એક નવીન પહેલ અને નવી દૃષ્ટિ છે, જેમાં સ્ત્રીની દૈહિક અનિવાર્યતાઓ, સંવેદનશીલતા અને સમસ્યાઓ પર એક નજર નાખી છે. ધર્મ હંમેશા સત્ય નથી હોતો અને સ્ત્રી હંમેશા લાચાર અને અસહાય નથી હોતી, એ વાતને અહીં સમર્થન મળે છે. આ નવલકથા 'દિવ્ય ભાસ્કર'માં પ્રગટ થઈ હતી.

## ૧.૧૩.૨ નવલિકાસંગ્રહો

'સાંજને ઉંબર' (૧૯૮૩), 'ઍંધાણી' (૧૯૮૯), 'બીલીપત્રનું ચોથું પાન' (૧૯૯૪), 'ગાંઠે બાંધ્યું આકાશ' (૧૯૯૮),'તું છે ને!' (૨૦૦૨), 'અનુરાધા' (૨૦૦૩), 'કોઈ વાર થાય કે...' (૨૦૦૪), 'એ!' (૨૦૦૪), 'તને સાચવે પારવતી' (૨૦૧૦), 'વર્ષા અડાલજાની શ્રેષ્ઠ વાર્તાઓ' અને 'વર્ષા અડાલજાની સદાબહાર વાર્તાઓ' તેમના નવલિકા સંગ્રહો છે.

નવલિકા માટે તેઓ કહે છે, "ટૂંકી વાર્તા એ ક્ષણ-ક્ષણાર્ધની જ રમત છે...માનો કે આપણે સિંધુ કે બ્રહ્મપુત્રા જેવા મહાનદનું જલદર્શન કરવું છે. નવલકથાકાર આ જલદર્શન કરાવવા માટે આપણને નિરાંતે કોઈ ઊંચા પર્વતની ટોચે લઈ જાય છે અને ત્યાંથી આખા પટનું દર્શન મનભર માણવા દે છે. પણ ટૂંકી વાર્તાનો કસબ જુદો છે. એ તો, બન્ને બાજુ ગીચ ઝાડીવાળા રસ્તા પરથી ઝડપભેર પસાર થતી રેલવેના ડબ્બામાં આપણી સાથે બેઠો હોય છે, અને ગીચ ઝાડીમાં એક સ્થળે આવતા બાકોરામાંથી આપણને એ જળરાશિનું દર્શન કરાવવાનું વચન આપે છે."[xii]

આમ, થોડામાં જ ઘણું સમજાવી જતી નવલિકાનો વિસ્તાર નાનો હોય છે. પાત્રોની વિગતોમાં પડ્યા વગર સીધા જ તેના વિચારોની રજૂઆત કરવાની હોય છે.

તેમને નવલિકા માટેની સામગ્રી અખબારમાંથી કે પોતાની આજુબાજુ બનતી ઘટનાઓ પરથી મળી જાય છે. કોઈ સ્ત્રીએ ચટણી વાટવાના પથ્થરથી પતિની હત્યા કરી, એ વાત બની ગઈ 'શીરો'ની કહાની. સરકારી નોકરી કરતી અને બદલીને કારણે અંગત અને સામાજિક સમસ્યાઓનો ભોગ બનતી સ્ત્રીઓના પ્રશ્નો પરથી 'ડ્રીમલેન્ડ'નું કથાવસ્તુ રચાયું. વકીલ મિત્રની સાથે કોર્ટની મુલાકાતો અને ન્યાય માટે ઠેબા ખાતી સ્ત્રીઓની અવદશા જોઈને 'લાંબી ધીમી તપતી બપોર'ની રચના થઈ. 'નામ: નયના રસિક મહેતા' પોલીસ સ્ટેશનની મુલાકાત દરમ્યાન મળી આવલી કૃતિ છે. સાસરીમાં સળગાવી દેવાયેલી, ખાખ થઈ ગયેલી, દહેજ માટે પરેશાન થયેલી, આક્રંદ કરતી સ્ત્રીઓને તેમની વાર્તાઓમાં વાચા મળી.

### ૧.૧૩.3 નાટ્યસંગ્રહો

વર્ષાબહેને કેવળ નાટકમાં કામ જ નથી કર્યું, પણ એમની કલમે આપણને નાટકોનો રસાસ્વાદપણ કરાવ્યો છે. પોતાની 'બંદીવાન' નવલકથા પરથી 'આ છે કારાગાર' (૧૯૬૫) નામના દ્વિઅંકી નાટકની રચના કરી છે. તેમણે 'બંદીવાન' નવલકથા લખવાનો પ્રારંભ કરેલો, પછી નાટક લખ્યું અને ત્યારબાદ નવલકથા પૂરી કરી. આ ઉપરાંત ત્રણ એકાંકી સંગ્રહો પણ લખ્યા છે. 'મંદોદરી' (૧૯૯૮), 'શહીદ (૨૦03)' અને 'વાસંતી કોયલ' (૨૦૦૬). 'મંદોદરી' સંગ્રહમાં ત્રણ એકાંકીઓ છે: 'મંદોદરી', 'અપરાધી' અને 'ઘર ઘર રમીશું?'

'મંદોદરી' તેમનું એકાંકી નાટક છે જેમાં મંદોદરી જાતે અશોકવાટિકામાં સીતા પાસે જાય છે. રામ અને રાવણ વચ્ચેના લોહિયાળ યુદ્ધને અટકાવી અને હજારો નિર્દોષ લોકોનો જીવ બચાવી શકાય એ માટે સીતાને સમજાવે છે કે પોતાના પતિની શરણાગતિ સ્વીકારી લે. આ બન્ને સ્ત્રીઓ પોતપોતાની દૃષ્ટિએ સાચી છે એ દર્શાવતો સંવાદ અહીં રજૂ થયો છે.

## ૧.૧૩.૪ નિબંધસંગ્રહો

વર્ષાબહેને બે નિબંધસંગ્રહો આપ્યા છે. 'પૃથ્વીતીર્થ' (૧૯૯૪) અને 'ન જાને સંસાર' (૨૦૦૨). એમાં એમણે 'કીડીની અવિચળ શ્રધ્ધા', 'પાવરહાઉસ', 'વાણીની કાંટાળી વાડ', 'મૃત્યુની જયાફત', 'વૃક્ષોપનિષદ', 'વેકેશન', 'અંધકાર' જેવા અનેકવિધ વિષયો પર પોતાની કલમ ચલાવી છે.

## ૧.૧૩.૫ પ્રવાસવર્ણન

વર્ષાબહેનને ફરવાનો ખૂબ શોખ છે. તેઓ જ્યાં ફરવા ગયાં ત્યાનાં વર્ણનો લખ્યાં છે. પાંચ પુસ્તકો પ્રવાસવર્ણન વિશેનાં આપ્યાં છે. 'નભ ઝૂક્યું' (૨૦૦૨)', 'ધૂઘવે છે જળ' (૨૦૦૨), 'શિવોહમ્' (૨૦૦૬), 'શરણાગત' (૨૦૦૭) અને 'શુક્રન ઇજિપ્ત' (૨૦૧૪). આ પુસ્તકોમાં તેમણે ભારત અને દુનિયાનાં વિવિધ સ્થાનોમાં કરેલ પ્રવાસનું આહ્લાદાક વર્ણન આપ્યું છે. 'શુક્રન ઇજિપ્ત'માં ઇજિપ્ત પ્રવાસનું વર્ણન છે. 'નભ ઝૂક્યું'માં લંડન, પેરિસ અને તેલ અવીવની મુસાફરી વર્ણવી છે. 'ધૂઘવે છે જળ'માં ચીનની પ્રવાસગાથા છે. 'શિવોહમ્'માં અમરનાથ યાત્રા અને જમ્મુનો પ્રવાસ ખેડયો તેની વિગતો આપી છે. 'શરણાગત'માં ઉત્તરકાશી ચારધામ યાત્રાનું વર્ણન છે.

## ૧.૧૩.૬ સંપાદન

વર્ષાબહેને 'અમર પ્રેમકથાઓ'નું સંપાદન કર્યું છે. પિતા ગુણવંતરાય વિશેના પુસ્તક 'દરિયાનો લાલ- ગુણવંતરાય આચાર્ય'નું સંપાદન કર્યું છે. આ પુસ્તક ગુણવંતરાય આચાર્યની જન્મ શતાબ્દી નિમિત્તે રજૂ કરવામાં આવ્યું હતું. 'ગુણવંતરાય આચાર્ય અધ્યયન ગ્રંથ'માં નીતિન વડગામા સાથે પરામર્શક તરીકે કાર્ય કર્યું છે. 'નારીની આત્મકથાનાં અંશો' પણ તેમની સંપાદન કૃતિ છે. 'ચાલો રમીએ' નાટકનું સંપાદન કર્યું છે. જે અંતર્ગત 'અમિતાભ

બચ્ચન' (ઊર્મિ પંડિત), 'સપનાઓની ધીંગામસ્તી' (નીતા જોશી), 'એક હૃદય હો ભારત જનની' (પલ્લવી શાહ) વગેરે ૨૦ નાટકોનો સામાવેશ થયો છે.

### ૧.૧૩.૭ અનુવાદ

વર્ષાબહેનની ઘણી કૃતિઓનો અન્ય ભાષામાં અનુવાદ થયો છે.

- 'ખરી પડેલો ટહુકો' નવલકથાનો અંગ્રેજી ભાષામાં 'The crumbled Note of a warbler' નામથી અનુવાદ થયો છે. (લેખિકા: અમીના અમીન)
- 'મારે પણ એક ઘર હોય' લઘુનવલનો અંગ્રેજી ભાષામાં 'A House of my own' નામથી અનુવાદ થયો છે. (લેખિકા: ગીતા ચૌધરી)
- 'અણસાર' નવલકથાના અંગ્રેજીમાં 'Awaiting a knock at my door' નામથી (લે: નીલા શાહ), હિન્દી ભાષામાં 'આભાસ' નામથી (લે: સત્યનારાયણ સ્વામી), મરાઠી (લે: અંજની નરવણે), અને રાજસ્થાની (લે: કનૈયાલાલ ભાટી) ભાષામાં અનુવાદો થયા છે.
- 'રેતપંખી' નવલકથાનો મરાઠીમાં 'રેતીચા પક્ષી' નામથી અનુવાદ થયો છે. (લેખિકા: અંજની નરવણે)
- 'આતશ' નવલકથાનો હિન્દી ભાષામાં અનુવાદ થયો છે. (લે: કનૈયાલાલ ભાટી)
- 'મુસાફરી'નો સિંધી ભાષામાં અનુવાદ થયો છે. (લે: રાધાકૃષ્ણ ચાંદવાની)
- 'પ્રથમ પગલું માંડિયું'નો અંગ્રેજી ભાષામાં 'Karamshi' નામથી અનુવાદ થયો છે. (BITS Pvt. Ltd.)

આ ઉપરાંત 'વાંસનો સૂર' અને 'ચંદરવો' પુસ્તકમાં પ્રસંગકથાઓનો સમાવેશ છે. 'ઘરે બાહિરે' પરિચય પુસ્તિકા છે. 'ક્યૂં તેરા રહેગુઝર યાદ આયા?' સ્વ-પરિચય પુસ્તિકા છે. તેમણે હિન્દી લેખિકા કૃષ્ણા સોબતીની પ્રસિદ્ધ નવલકથા 'મિત્રો મરજાની'નો ગુજરાતી ભાષામાં અનુવાદ કર્યો છે.

વર્ષાબહેનનું સમગ્ર જીવન સાહિત્યને અર્પણ થયેલું છે. ‘તને સાચવે પારવતી’ની પ્રસ્તાવનામાં તેઓ કહે છે, “આ મારો દસમો વાર્તાસંગ્રહ છે. ઘણાની વધુ આવૃત્તિઓ પ્રગટ થઈ છે, કોઈને પુરસ્કાર તો કોઈ ટેક્સબુક બની છે, પીએચ.ડી.ના થીસિસ લખાયા છે એ બધુંય બાજુ પર મૂકીને કહું તો મેં લખવામાં નિતાંત આનંદ અનુભવ્યો છે.”[xiii]

‘ક્રોસરોડ’ની સમાપ્તિ ટાણે તેઓ કહે છે, “૧૯૬૬-૬૭થી બ્યુટીકૉલમથી લખવાનું શરૂ કર્યું અને મારી કલમ મને કેવી અપરિચિત કેડી પર દોરી ગઈ! આ તીર્થયાત્રામાં અનેક સૌંદર્યસ્થાનો ઊઘડતાં આવ્યાં અને મેં જીવનનું વિશ્વરૂપદર્શન કર્યું. વિવિધ વણખેડાયેલા વિષયો પર કથાઓ લખી પણ તેથી મેં સાહિત્યમાં પ્રદાન નથી કર્યું, સાહિત્યે મને આંતરબાહ્ય સમૃદ્ધ કરી છે.”[xiv]

સમગ્ર જીવન સાહિત્યને અર્પણ કરનાર પરિશ્રમી વર્ષાબહેનનું સાતત્યપૂર્ણ કાર્ય બે પેઢીના વાચકોના દિલ પર રાજ કરે છે. આજે પણ દક્ષિણ મુંબઈમાં આવેલા ‘ગુલબહાર’ ખાતેના તેમના નિવાસસ્થાને જાઓ તો દરવાજો ખોલતાંની સાથે જ સહૃદયી અને હસમુખાં વર્ષાબહેન મીઠા સ્મિત સાથે આવકારો આપે. પુસ્તકો અને ઍવૉર્ડ ભરેલા કબાટ જોઈ સાનંદાશ્ચર્ય અનુભવાય. ડાઈનિંગ ટેબલ, જે હકીકતમાં તેમનું રાઈટિંગ ટેબલ છે, તેના પર પુસ્તકો અને ફૂલસ્કેપ કાગળો પર ટપકાવેલી નોંધ એમની રાહ જોતાં હોય! ઍંશી વર્ષની પાકટ વયે પહોંચીને યુવતી જેવો તરવરાટ અનુભવતાં અને સતત કાર્યરત એવાં વર્ષાબહેનને દિલથી સલામ કરવાનું મન થાય એવું તેમનું વ્યક્તિત્વ અને પ્રભાવ છે.

---

[i] ‘ઍંધાણી’, વર્ષા અડાલજા, પ્ર.આ. ૧૯૮૯, પૃ. ૭, પ્રસ્તાવના.

[ii] ‘હાથીદાંતનો સોદાગર’, ગુણવંતરાય આચાર્ય, પ્ર.આ. ૧૯૫૬, પૃ. ૫

[iii] Mid-day; Sunday Sarataj, 30th April., Sejal Ponda , p. 24

[iv] ‘ક્યૂં તેરા રહેગુઝર યાદ આયા?’, વર્ષા અડાલજા, પૃ. ૩

[v] ‘ક્યૂં તેરા રહેગુઝર યાદ આયા?’, વર્ષા અડાલજા, પૃ.૯

[vi] ‘ક્યૂં તેરા રહેગુઝર યાદ આયા?’, વર્ષા અડાલજા, પૃ. ૧૫

[vii] Mid-day; Sunday Sartaaj, 30thApril, Sejal Ponda, P. 24

[viii] 'Cocktail Zindagi, Gita Manek , August 2017, p. 47

[ix] 'Cocktail Zindagi, Gita Manek , August 2017, p. 46

[x] 'ક્યૂં તેરા રહેગુઝર યાદ આયા?',વર્ષા અડાલજા, પૃ. ૨૪

[xi] 'લાક્ષાગૃહ', વર્ષા અડાલજા, પૃ. ૫

[xii] 'બીલીપત્રનું ચોથું પાન', વર્ષા અડાલજા, પૃ. ૭, પ્રસ્તાવના

[xiii] 'તને સાચવે પારવતી', વર્ષા અડાલજા, પ્રસ્તાવના

[xiv] 'ક્રોસરોડ', વર્ષા અડાલજા, પૃ. ૫૬૭